## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બે હજાર પંદરની એક્ત્રીસમી તારીખે નવા વર્ષમાં પાળવા માટેના નિયમની યાદી મેં બનાવી હતી... તે જલદી શોધીને લાવ...!! આ વર્ષે તે કામ લાગવાની છે...!!

# વાસણ ગામમાં વાનરનો આંતક, ચાર વ્યક્તિ ઘાયલ

## તોફાની વાનર પાંજરે ન પુરાતા વનતંત્રને શિરદર્દ : માનવભક્ષી વાનરના ત્રાસમાંથી ગ્રામજનોને મુક્ત કરાવવા વનતંત્રનુ અભિયાન

ગાંધીનગર તા ૩૧

શહેર નજીકના વાસણ ગામમાં છેલ્લા ત્રણ દિવસથી વાનરે આંતક મચાવતા ગ્રામજનો તોબા પોકારી ગયા છે. તોફાની વાનરે અત્યાર સુધી ચાર વ્યક્તિને ઈજા પહોંચાડી છે. વન વિભાગની ટીમ છેલ્લા ત્રણ દિવસથી પાંજરા સાથે વાંદરાને કેદ કરવા મથી રહી છે. પરંતુ તોફાને ચઢેલો વાનર હાથ ન લાગતા વનતંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. વાનર માનવ ભક્ષી બનતા તંત્ર દ્વારા આગળ કાર્યવાહી હાથ ધરવા માટે પણ મંજુરી માંગવામાં આવી છે.

હરિયાળા નગરમાં વૃક્ષોની ડાળીઓ પર ઘણીવાર વાનરોની ટીમ ઘુરકીયા કરતી જોવા મળે છે. જયારે નગરના રહેણાંક વિસ્તારમાં પણ વાંદરાઓ તોફાને ચઢતા સ્થાનિક નાગરિકોએ ઘરમાં પુરાવાનો વારો આવ્યો હોવાના પણ કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. રહેણાંક વિસ્તારમાં વાંદરાઓના આંતકના લીધે નાગરિકો ભયભીત બનવાની સાથે આમ નાગરિકો ઈજાગ્રસ્ત થતા હોવાનુ પણ ધ્યાને આવે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારમાં પણ વાંદરઓનો આંતક વધતા ગ્રામજનો તોબા પોકારી ગયા છે. અગાઉ ઉનાવામાં પણ તોફાની વાંદરાની હરકતથી ગ્રામવાસીઓ મુંઝવણમાં મુકાયા હતા. હાલ છેલ્લા ત્રણ દિવસથી વાસણ ગામમાં વાંદરાએ આંતક મચાવ્યો છે. ગામમાં ગમે ત્યાં કુદકા મારતા વાનરે ગામને માથે લીધુ છે. તોફાની વાનરે અત્યાર સુધીમાં ચાર જેટલા વ્યક્તિને લોહીયાળ ઈજા પહોંચાડી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ સ્થિતિને ધ્યાને લઈ વનતંત્રની ટીમે છેલ્લા બે દિવસથી પાંજરાની મદદથી વાનરને કેદ કરવા માટે અભિયાન હાથ ધર્યુ છે. પરંતુ વાનર પકડમાં ન આવતા પરેશાની વધી છે. ગામમાં ઉછળ કુદ કરતા વાનરને પકડવા માટે વનતંત્રની ટીમ છેલ્લા બે દિવસથી મથામણ કરી રહી છે. જયારે ટોળે વળતા ગ્રામજનોના લીધે આ કામ વધુ મુશ્કેલ બન્યુ છે. જો કે આતંક મચાવતો વાનર પાંજરામાં કેદ ન થતા માનવભક્ષી બનતા વાનરના ત્રાસમાંથી દુર કરવા માટે વનવિભાગની જરૂરી મંજુરી મેળવવા માટે પ્રયાસ હાથ ધર્યા છે.



સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ હાઈસ્કુલમાં વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓએ રસપ્રદ કૃતિઓ રજુ કરી સૌને દંગ કરી દીધા હતા. વિવિધ વર્કીંગ મોડેલ રજુ કરાયા હતા. જેમાં શાળાના વિદ્યાર્થી શ્રેયાંશ શાહ.ધ્રૃવ પટેલ, દિવકાર ભાભોર,કરણ બારેયા, પ્રીત પટેલ અને સુજલ પ્રજાપતિએ નિરમા યુનિવર્સિટીમાં માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરતા મિતુલ શાહના માર્ગદર્શન હેઠળ હ્યબ્રીડ એનર્જી અંગેનો પ્રોજેકટ રજુ કર્યો હતો. પ્રાપ્ય અને અપ્રાપ્ય ઉર્જાનો ઉપયોગ દર્શાવ્યો હતો. પ્રદુષણનો ઘટાડો અને તમામ પ્રકારની ઉર્જાનો સાથે ઉપયોગ કરવાની સમજ પુરી પાડતા આ પ્રોજેકટને નિહાળી સ્વામી પણ પ્રભાવિત થયા હતા.

## આજે શહેરમાં સે-૨૧, ૨૨ અને ૨૪ ખાતે ખેડુત શાકભાજી માર્કેટ ભરાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લામાં આજે કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર શહેરમાં નક્કી કરાયેલા સ્થળો પર ખેડુત શાકભાજી માર્કેટ ભરાશે. જેમાં ગાંધીનગર શહેરમાં સે-૨૧, ૨૨ અને ૨૪ ખાતે ખેડુત શાકભાજી માર્કેટ ભરાશે. સે-૨૧માં માર્કેટ ફટાકડા બજાર ખાતે ભરાશે તેમજ સે-૨૨માં નવરાત્રી ગ્રાઉન્ડમાં અને સે-૨૪માં શાકભાજી હોલસેલ માર્કેટના પાછળના ગ્રાઉન્ડ ખાતે ખેડુત શાકભાજી માર્કેટ ભરાશે. ગાંધીનગર ખાતે ૬૦ જેટલા ખેડુતો પોતાનું શાકભાજીનું વિતરણ કરવા આવશે તેવું જિલ્લા સહકારી મંડળીના રજીસ્ટ્રાર ઉર્વશીબેન બ્રહ્મભટ્ટે જણાવ્યું છે.

## આજે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા આવનાર વર્ષ ૨૦૧૭ની ઉજવણીના ભાગરૂપે કેક સેલીબ્રેશન અને ગેટ ટુ ગેધરના કાર્યક્રમનું આયોજન આજ રોજ બપોરે ૩.૦૦ કલાકે સે-૨૨, ગાંધીનગરના કાર્યાલય ખાતે યોજાશે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં જિલ્લા શહેર કોંગ્રેસ સંગઠનના તમામ હોદ્દેદારો, સંગઠનના હોદ્દેદારો, આગેવાનો, કોર્પોરેટરો તમામ સેલના ચેરમેન તથા તમામ સેલના હોદ્દેદારો ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના તમામ હોદ્દેદારો તથા કાર્યકરો વોર્ડ પ્રમુખો, સેકટર પ્રમુખો મહિલા પ્રમુખ તથા મહિલા પાંખના તમામ હોદ્દેદારો કાર્યકરોને આ પ્રસંગે હાજર રહેવા ગાં.શ. જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના વાઈસ ચેરમેન યુસુફખાન જે. પઠાણે અનુરોધ કર્યો છે.

## પટેલ સેવા સમાજ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજયમાં વસતા તમામ પાટીદારના સંતાનો માટે સમાજના આગેવાનો દ્વારા અમદાવાદમાં જીવનસાથી પસંદગી સમારોહ તા. ૧ થી ૮ જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન સવારે ૯ થી સાંજના ૬ સુધી અમદાવાદ મુકામે યોજાશે. આ કાર્યક્રમમાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રી-મેરેજ તેમજ શારીરિક ખોડ-ખાંપણવાળા ઉમેદવાર ભાગ લઈ શકશે. જે યુવક યુવતીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા હોય તેમણે સંપૂર્ણ બાયોડેટા તથા તાજેતરના કલર ફોટા સાથે વાલી સાથે રૂબરૂ મળવા જણાવાયું છે. આ પસંદગી મેળો આસ્થા કલીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫ ખાતે યોજાશે. વધુ માહિતી માટે સમાજના પ્રમુખનો મો. ૯૪૨૮૨ ૩૦૭૨૬ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.



દશાબ્દી મહોત્સવ : ગાંધીનગરના પાદરે રાયસણ ખાતે બાપ્સ સ્કુલના દશાબ્દી મહોત્સવનો પ્રારંભ પૂ. બ્રહ્મવિહારી સ્વામી અને સંતોએ દિપ પ્રગટાવી કર્યો હતો. આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ કમિશનર એ. જે. શાહ, સ્કુલના નિયામક રમેશ સર સહિત વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાટીદારો મામલે અંતે લાલજી પટેલને મંત્રાણા માટે આમંત્રણ

ગાંધીનગર, તા.૩૧

પાટીદાર સમુદાયમાં પ્રવર્તી રહેલી નારાજગીને દુર કરવાના ફરીવાર પ્રયાસો હાથ ધરાયા છે. જેના ભાગરૂપે વાટાઘાટો કરવા માટે એસપીજીના કન્વિનર લાલજી પટેલને આમંત્રણ આપવામાં આવ્યું છે.નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયમાં ચાલતા પાટીદાર આંદોલન સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણીની સંવેદનશીલ સરકારે સંવેદનશીલતા દાખવીને પ્રશ્નોનો યોગ્ય અને વાજબી નિરાકરણ કરવા માટે પાટીદાર આંદોલન સંદર્ભે વાટાઘાટો કરવા વિવિધ સંગઠનો અને અગ્રણીઓને સામેથી આમંત્રણ આપ્યું છે અને પાસના કન્વીનરો સાથે પણ અગાઉ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચાઓ થઈ છે ત્યારે એસપીજીના કન્વીનરો સહિત અન્ય આગેવાનોને પણ રાજય સરકાર આંદોલન સંદર્ભે સાંભળશે અને ત્યારબાદ તમામ સંગઠનોની રજૂઆતો સાંભળી વાટાઘાટો થશે તે સંદર્ભે રાજય સરકાર હકારાત્મક અભિગમ દાખવી નિરાકરણ માટે સઘન પ્રયાસો કરશે.નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, ગુજરાતની શાંતિ, સલામતી અને એકતા સુપુરે જળવાઈ રહે અને રાજયના છ કરોડ ગુજરાતીઓ રાજયની વિકાસ યાત્રામાં સહભાગી થાય તે રાજય સરકારનો અભિગમ રહ્યો છે ત્યોર મુખ્યમંત્રીએ સામેથી પાટીદાર આંદોલન સંદર્ભે સમાજના સંગટનો અને હોદ્દેદારો અને અન્ય આગેવાનોને વાટાઘાટો કરવા આમંત્રણ આપ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, અગાઉ પણ પાસ કન્વીનરો સાથે વિવિધ મુદ્દાઓ અંગે સવિસ્તૃત ચર્ચા વિચારણાઓ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતને પ્રગતિના પંથે લઈ જવા મુખ્યમંત્રી દ્વારા અનેક પ્રજાલક્ષી નિર્ણયો કર્યા છે જેમાં વિવિધ સમાજો સહિત કર્મચારી મંડળો અને અન્ય લોકો દ્વારા જે માંગણીઓ આવી તે સંદર્ભે વાટાઘાટો દ્વારા પરિણામ લાવવા ઘનિષ્ટ પ્રયાસો રાજય સરકાર કરી રહી છે. નાયબ મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજય સરકારનું આમંત્રણ એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલ અને તેમના સાથીઓ દ્વારા સ્વીકારવામાં આવશે અને સરકાર સમાજ સાથે મળી ગુજરાતના વિકાસમાં સહભાગી થશે.

# વર્ષોના વિદેશ વસવાટ બાદ પરત ફરતા નાગરિકોને કનડગતના મુદ્દે ઉપવાસ આંદોલન

ગાંધીનગર, તા.૩૧

વિદેશ વસવાટ કરી ભારત પરત ફરતા એનઆરજી નાગરિકોને એરપોર્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવતી કનડગતના વિરોધમાં ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે પંચવટી વિસ્તારમાં હનુમાનજી મંદિર પાસે રવિવાર સવારે ૯ કલાકથી એક દિવસીય પ્રતિક ઉપવાસના આંદોલનનું આયોજન કરવામાં આવ્યું છે. સત્યાગ્રહ સમિતિ દ્વારા આયોજિત આ ઉપવાસ આંદોલનમાં બપોરે ૨ કલાકે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એરપોર્ટના ભ્રષ્ટાચારને ઉજાગર કરતું નાટક 'માતૃભૂમિ' રજૂ કરાશે. આ સાથે ૩ કલાકે જાહેર સભા યોજાશે તેમજ દિવસ દરમિયાન સાહિત્યકાર નુટભાઈ જોરણંગવાળાનો કાર્યક્રમ પણ યોજાશે.

અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા વિદેશથી ઈમરર્જન્સી સર્ટિફીકેટ સાથે તેમજ પ્રથમવાર ગ્રીનકાર્ડ કે સીટીઝન કાર્ડ મેળવી પરત ફરી રહેલા એનઆરજી નાગરિકોને વિવિધ બિનજરૂરી સવાલો કરી ખોટી કાનુની કાર્યવાહીમાં ફસાવી દેવાનો ડર પ્રદર્શિત કરી ભ્રષ્ટાચાર, દમન તથા અત્યાચાર આચરવામાં આવે છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સન્માન સમારોહ અને વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર તથા ગુજરાત સરકાર સંચાલિત સરકારી શાળાઓના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને પ્રથમ વાર્ષિકોત્સવનું આયોજન તાજેતરમાં શેઠ શ્રી ખીમજી વિસરામ હોલ, સે-૨૩ ખાતે કરવામાં આવ્યું હતું.

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સે-૨૨, સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સે-૭, મહાત્મા ગાંધી વિદ્યા મંદિર સે-૧૬ અને ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય-પાલજના આ સંયુકત વાર્ષિકોત્સવ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કમિશનરશ્રી જે.કે. ગઢવી, મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ. બારડ, સમારંભના ઉદઘાટક તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, સર્વ વિદ્યાલયના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિ.ના રજીસ્ટ્રાર ડૉ. સુર્ય ક્રિશ્નન મંત્રાલા, બી.એડ. કોલેજના ડીન ડૉ. વીણાબેન પટેલ સહિત રાજેશભાઈ ત્રિવેદી, વનિતાબેન બુટાણી, ઘનશ્યામભાઈ ગઢવી અને નવનીતભાઈ ડામોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



જયોતિ મહીલામંડળ તેમજ અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્થિત ગાયનેક વોર્ડમાં મહીલાઓને ગરમ કપડાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જયોતિ મહીલા મંડળના ડો ચેતના બુચ. લતાબેન ચોકસી કોકિલાબેન નાયક,હર્ષાબા ધાંધલ, અરૂણ બુચ, મયુર વ્યાસ તેમજ નિલેન્દુ વોરાએ હાજરી આપી હતી.

# હજયાત્રા માટે ગુજરાતે હેલ્પલાઈન શરૂ કરી

ગુજરાતના હાજીઓને તેમની હજયાત્રા માટે ફોર્મ ભરવાથી લઈને અમદાવાદ એરપોર્ટથી મક્કા-મદીના જવા સુધીના સમય દરમિયાન અરજદારો હજ કમિટિ સાથે સતત સંપર્કમાં રહી ફોન પર પોતાની સમસ્યાઓ વિશે પુચપરછ કરી જરૂરી માહિતી મેળવી શકે તે માટે ગુજરાત રાજ્ય હજ કમિટિના ચેરમેન પ્રિન્સિપલ મોહંમદઅલી કાદરીએ હજ માટેની ટોલ ફ્રી ફોન હેલ્પલાઈન શરૂ કરવાની સૂચના આપી હતી જેનો હજ કમિટિના સભ્યોએ સ્વીકારીને સમગ્ર ભારતમાં પ્રથમ વખત હજ કમિટિની ટોલ ફ્રી હેલ્પલાઈન સેવાની શરૂ કરતા ગુજરાત રાજ્ય હજ કમિટિના દુરના હજયાત્રીઓમાં આનંદની લાગણી વ્યક્ત થઈ. ગુજરાત રાજ્ય હજ કમિટિની ટોલ ફ્રી હેલ્પલાઈન ફોન સેવા બીજી જાન્યુઆરી ૨૦૧૭થી શરૂ થઈ રહી છે જેનો નંબર ૧૮૦૦-૨૩૩ ૩૯૩૪ છે. જેના પર ફોન કરવાની હાજીઓ પોતાના મોબાઈલ પરથી મફતમાં ફોન કરીને હજ કમિટિના સંપર્કમાં રહી શકશે, એમ ગુજરાત રાજ્ય હજ કમિટિની યાદીમાં જણાવાયું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

# માણસા ખાતે ટીબી અંગે જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતેની રાજમાતા હાઈસ્કૂલમાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા તાજેતરમાં ટીબી તથા અન્ય રોગો અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ બાળકોએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ટીબી અંગે યોજાયેલા જન જાગૃતિ કાર્યક્રમમાં જિલ્લા ક્ષયકેન્દ્રના ડીપીપીએસી કેયુર જયસ્વાલ, એસટીએસ પ્રશાંત ચિરંદાસ, ટીબીએચવી ચેતન ઠાકોર તથા ડીઆરટીબી કાઉન્સિલર ઉપેન્દ્ર જગોદણાએ બાળકોને ક્ષય રોગ અંગે મહત્વની જાણકારી પુરી પાડી હતી. આ સાથે ટીબીના રોગના લક્ષણોની સમજાવટ કરી તેના નિદાન સારવાર ઉપરાંત આ રોગને વધુ ફેલાતો અટકાવવા અંગે જાણકારી બાળકોને આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે બાળકોએ 'ટીબી મુક્ત ગુજરાત', 'ટીબી મુક્ત માણસા' તથા 'મારું ગામ ટીબી મુક્ત ગામ' જેવા સુત્રો પોકાર્યા હતા. કાર્યક્રમમાં સામેલ થનાર તમામ બાળકોને શુભેચ્છા ભેટ અર્પણ કરાઈ હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in